પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૪, કુલ પાના:૪, તારીખ: ૦૭-૦૯-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 14 PRICE :-RS. 1.50 DATE : 07-09-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૯૦ હજાર પોઝિટિવ કેસ ૧૦૬૫ના મોત

## કોરોના બેકાબૂ: દેશમાં દૈનિક કેસ ૧ લાખ પહોંચવાની તૈયારીમાં

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના સંક્રમણના રેકોર્ડ બ્રેક કેસ સામે આવી રહ્યા છે. દેશમાં પ્રથમવાર એક દિવસમાં ૯૦,૬૩૨ નવા કેસ નોંધાયા છે. તો ૨૪ કલાકમાં ૧૦૬૫ લોકોના મોત થયા છે. આની પહેલા ૫ સપ્ટેમ્બરે દેશમાં સૌથી વધુ ૮૬,૪૩૨ કેસ નોંધાયા હતા. હવે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૪૧ લાખ ૧૩ હજાર થઈ ગઈ છે. બ્રાઝિલમાં સંક્રમિત લોકોની કુલ સંખ્યા ૪૧ લાખ ૨૩ હજાર છે. સંક્રમિતોની સંખ્યાના મામલામાં ભારત બ્રાઝિલને પછાડીને



બીજા નંબર પર પહોંચી ગયું છે. વિશ્વમાં એક દિવસમાં ૯૦૦૦૦થી વધુ કેસ આવનારો ભારત પ્રથમ દેશ બન્યો છે. દેશમાં કુલ સંક્રમિતોમાંથી ૭૦,૬૨૬ લોકોનાં મોત નીપજ્યાં છે. એક્ટિવ કેસની સંખ્યા વધીને ૮ લાખ ૬૨ હજાર થઈ ગઈ છે અને ૩૧ લાખ ૮૦ હજાર લોકો સ્વસ્થ થઈ ચૂકયા છે. સાજા થનારા લોકોની સંખ્યા ચેપના સક્રિય કિસ્સાઓની સંખ્યા કરતા લગભગ ત્રણ ગણી વધારે છે. આઈસીએમઆરના આધારે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૯૨,૬૫૪ કોરોના કેસની તપાસ થઈ છે જ્યારે અત્યારસુધીમાં ૪,૮૮,૩૧,૧૪૫ લોકોના ટેસ્ટ થયા છે.

રાહતની વાત એ છે કે મૃત્યુદરમાં સતત ઘટાડો અને એક્ટિવ કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. મૃત્યુ

### કુલ કોરોનાનો આંકડો ૪૧ લાખને પાર, મૃત્યુઆંક ૭૦,૬૨૬એ પહોંચ્યો, મૃત્યુદર ઘટીને ૧.૭૨ ટકા થયો, અત્યાર સુધી ૪.૮૮ કરોડ ટેસ્ટ થયા

દર ઘટીને ૧.૭૨% થયો છે. આ સિવાય સારવાર હેઠળ રહેલા એક્ટિવ કેસનો દર પણ ૨૧% સુધી નીચે આવી ગયો છે. તેની સાથે જ રિકવરી રેટ એટલે કે સ્વસ્થ થનારાનો દર ૭૭% થઈ ગયો છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

આઈસીએમઆરના મતે કોરોના વાયરસના ૫૪% કેસો ૧૮ થી ૪૪ વર્ષના છે, પરંતુ કોરોના વાયરસના ૫૧% મૃત્યુ ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોમાં થયા છે. ૫ સપ્ટેમ્બર સુધીમાં કોરોના વાયરસના કુલ ૪૮ કરોડ ૮૮ લાખ સેમ્પલ ટેસ્ટ થઈ ચૂકયા છે, જેમાંથી ગઈકાલે ૧૧ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ ગઈકાલે કરાયું. પોઝિટિવિટી રેટ ૭ ટકા કરતા ઓછો છે.

મહારાષ્ટ્રમાં આંકડા મુજબ દેશમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં બે લાખથી વધુ ચેપગ્રસ્ત લોકોની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. ત્યારબાદ બીજા નંબરે તમિલનાડુ, ત્રીજા નંબરે દિલ્હી, ચોથા નંબરે ગુજરાત અને પાંચમા ક્રમે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. એક્ટિવ કેસના કિસ્સામાં ભારત વિશ્વમાં બીજા નંબરે છે. કોરોના સંક્રમિતોની સંખ્યા અને મૃત્યુના સંદર્ભમાં ભારત વિશ્વનો ત્રીજો સૌથી પ્રભાવિત દેશ છે. અમેરિકા અને બ્રાઝીલ બાદ કોરોના મહામારીથી સૌથી વધુ પ્રભાવિત ભારત છે.

## ગુજરાત રમખાણોમાં ૨૫ કરોડના વળતર મામલે PM મોદીનું નામ કોર્ટે હટાવ્યું

પ્રાંતિજ,

ગુજરાતની એક અદાલતે ૨૦૦૨ ના રમખાણોમાં વળતર માટે દાખલ કરેલા મુકદ્દમામાંથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું નામ હટાવી દીધું છે. એક બ્રિટિશ પરિવારે તોફાનોમાં માર્યા ગયેલા ત્રણ સબંધીઓ માટે વળતર તરીકે ૨૩ કરોડની રકમનો દાવો કર્યો છે. પ્રાપ્ત થતી જાણકારી પ્રમાણે, સાબરકાંઠા જિલ્લા અદાલતે પીએમ મોદીનું નામ હટાવતા દલીલ કરી હતી કે તેમાં શામેલ કરવા માટે કોઈ યોગ્ય કારણ નથી. આચાર્ય સિવિલ જજ એસ. કે ગઢવીએ કહ્યું કે, આરોપને વાંચતી વખતે લાગ્યું કે આરોપી ૧ પર બિનજરૂરી રીતે આક્ષેપો કરવામાં



આવ્યા છે.

આ ઘટના પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. જજે વધુમાં કહ્યું હતું કે, મને લાગે છે કે પુરાવા વિના આવા પાયાવિહોણા આરોપો આરોપી ૧ સામે કાર્યવાહી કરવા માટે યોગ્ય નથી. પીએમ મોદીનું નામ હટાવવા માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જે મુજબ રાજ્યને આવી ઘટના માટે જવાબદાર ઠેરવી શકાય છે, મોદીને વ્યક્તિગત રીતે જવાબદાર ઠેરવી શકાય નહીં. આપને જણાવી દઈએ કે બ્રિટિશ નાગરિક ઈમરાન અને શિરીન દાઉદે ૨૦૦૪ માં નરેન્દ્ર મોદી અને અન્ય ૧૩ લોકો વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો.

તેણે તેના સબંધીઓ સઈદ દાઉદ, શકીલ દાઉદ, મોહમ્મદ અસવતનાં મોત માટે વળતર માંગ્યું છે. જયપુરથી નવસારી પરત ફરતી વખતે, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ, ત્રણેય પર પ્રાંતિજ નજીક હુમલો થયો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે પીએમ મોદીનું નામ કોઈ કારણ વગર ઉમેર્યું હતું. એવું પણ કહેવામાં આવતું હતું કે મોદી વિરુદ્ધ રાજકીય આરોપો લગાવવામાં આવ્યા હતા પરંતુ નાણાવટી પંચે તેમને ક્લિનચીટ આપી હતી.

## સરકારના કર્મચારીઓને ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી નહીં મળે મોંઘવારી ભથ્થું

સુરત,

ગુજરાત સરકારના કર્મચારીઓને ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી મોંઘવારી ભથ્થું મળશે નહીં. સામાન્ય વહીવટ વિભાગ જીએડીના ઠરાવમાં ૧લી જુલાઈ ૨૦૨૦થી એક વર્ષ માટે વયનિવૃતિ બાદ કરાર આધારિ નિમણૂક પામેલા અને પામતા અધિકારી-કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા પગારકાપનો અમલ કરવા આદેશ કર્યો છે.

એટલું જ નહીં, ગુજરાત સરકાર, પંચાયત સેવાના કર્મચારી, અધિકારીઓને ૧લી જાન્યુઆરી ૨૦૨૦થી ચૂકવવાપાત્ર થતું મોંઘવારી ભથ્થું ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી ન ચૂકવવાનો નિર્ણય પણ કર્યાનું અધિક સચિવ જ્વલંત ત્રિવેદીની સહીથી શનિવારે પ્રસિદ્ધ ઠરાવમાં સ્પષ્ટ થયું છે. ઉલ્લેખનીય છે કે, કોરોના મહામારીને કારણે રાજ્ય સરકારે ધારાસભ્યો, મંત્રીઓ, વિપક્ષના નેતા અને વિધાનસભાના અધ્યક્ષના પગારમાં પણ એક વર્ષ માટે એટલે કે માર્ચ ૨૦૨૧ સુધી ૩૦ ટકા પગારકાપનો નિર્ણય કર્યો છે. આ અંગે સરકારે એપ્રિલમાં વટહૂકમ બહાર પાડી તેનું અમલીકરણ કર્યું છે. અને આગામી વિધાનસભા સત્રમાં આ અંગે વિધેયક પણ લાવવામાં આવશે.

કોરોના મહામારીને કારણે લાગુ કરેલ લોકડાઉનમાં રાજ્યની અર્થવ્યવસ્થા પ્રભાવિત થતાં રાજ્ય સરકાર દ્વારા નાણાકીય ખર્ચમાં કાપ મુકવા માટે અનેક પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. પણ સરકારી કર્મચારીઓને એક વર્ષ માટે પગારમાં કાપ સહન કરવાનો વારો આવતાં તેઓને આર્થિક નુકસાન પહોંચી શકે છે.

## રાજકોટની કોરોના પરિસ્થિતિ પર રૂપાણીનું સતત મોનિટરિંગ, સ્થાનિક તંત્ર એક્શન મોડમાં



રાજકોટ,

સરકાર કોરોના સામે મજબૂત લડાઈ લડી રહી છે. કોરોનાને કાબૂમાં લેવા કોઈ કચાશ નહીં રાખવાની નેમ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લીધી છે અને તેમના જ માર્ગદર્શન હેઠળ જે અધિકારીઓ રાજકોટની વર્તમાન કોરોના પરિસ્થિતિ પર કામગીરી કરી રહ્યા છે તેમની પર તેઓ સતત મોનિટરિંગ રાખી રહ્યા છે. ટૂંક સમયમમાં રાજકોટમાં કોરોના કાબુમાં આવી જશે તેવું જણાવવામાં આવ્યું છે. વિજય રૂપાણીના નેતૃત્વમાં રોજેરોજ કોર કમિટીની બેઠકમાં નાનામાં નાની બાબતોની સમીક્ષા થઈ રહી છે.

દવા વેન્ટિલેટર, ડોક્ટરો, દર્દીઓ માટેની પથારી વગેરેની જરૂરી અને પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. જે રીતે અમદાવાદ-સુરતમાં ટીમ કામે લાગી છે તે જ રીતે રાજકોટમાં પણ આરોગ્યની ટૂકડીઓ કામે લાગી છે. સર્વેલન્સની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. ૧૦૦ ટીમ ઘરે-ઘરે જઈ લોકોના આરોગ્ય બાબતે જાણકારી મેળવી રહી છે . ઓક્સિજન સ્તર માપવા માટેના પલ્સ ઓક્સિમીટર ૭૦૦ની સંખ્યામાં હતા તે વધારીને ૨૦૦૦ વસાવામાં આવ્યા છે. જે વ્યક્તિમાં ઓક્સિજનનું પ્રમાણ ૯૦થી ઓછું જોવા મળે તેને સારવાર આપવામાં આવે છે.

રાજકોટમાં છેલ્લા અઠવાડિયામાં કેસ વધતા અમદાવાદ-સુરતથી ટૂકડીઓ ઉતારવામાં આવી છે . ત્રણ જિલ્લાના આરોગ્ય અધિકારીઓ રાજકોટ શહેર-જિલ્લામાં છે. ઘરે-ઘરે જઈને જન આરોગ્યની તપાસ ઉપરાંત ઘર આંગણે તબીબી સારવાર આપવા માટે ધન્વંતરી રથ ફરી રહ્યા છે. પૂર્વ સાવચેતી પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સીસીટીવી કેમેરાથી પણ દર્દીઓ સાથે તંત્ર સંપર્કમાં છે.

## હાઈ-વે મંત્રાલયે ચાર માસમાં ૨૭૭૧ કિ.મીના રસ્તાઓ બનાવી રેકોર્ડ સર્જ્યો

ન્યુ દિલ્હી,

કોરોનાકાળમાં જ્યારે બધુ ઠપ્પ થઈ ગયું, ત્યારે રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય યુદ્ધસ્તરે રસ્તાના નિર્માણના કામમાં વ્યસ્ત રહ્યું. એપ્રિલથી ઓગસ્ટ વચ્ચે મંત્રાલયે રસ્તાઓના નિર્માણનો નવો રેકોર્ડ બનાવ્યો છે. નીતિન ગડકરીના મંત્રાલયે કોરોનાકાળમાં જ્યાં લક્ષ્ય કરતા બમણા રસ્તા બનાવ્યાં છે ત્યાં હાઈવે નિર્માણ કાર્ય પૂર્ણ કરવાના મામલે પણ મંત્રાલયે ત્રણ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.



વાત જાણે એમ છે કે રોડ ટ્રાન્સોપર્ટ અને હાઈવે મંત્રાલયે આ વર્ષે એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન કુલ ૨૭૭૧ કિલોમીટર રાજમાર્ગ બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. કોરોનાકાળની વિપરિત પરિસ્થિતિઓ હોવા છતાં લક્ષ્યથી ચારસો કિમી વધુ ૩૧૮૧ કિમી હાઈવેનું નિર્માણ થયું.

જેમાં રાજ્ય લોક નિર્માણ વિભાગે ૨૧૦૪ કિલોમીટર, એનએચએઆઈએ ૮૭૯ કિમી અને એનએચઆઈડીસીએલએ ૧૯૮ કિમી રાજમાર્ગનું નિર્માણ કર્યું.

ખાસ વાત એ છે કે ઓગસ્ટ ૨૦૧૯ સુધી જ્યાં ૧૩૬૭ કિમી નેશનલ હાઈવે નિર્માણ બન્યો હતો, ત્યાં આ વખતે ઓગસ્ટ ૨૦૨૦ સુધીમાં બમણાથી વધુ ૩૩૦૦ કિમી લંબાઈનો રાષ્ટ્રીય રાજમાર્ગ પણ તૈયાર થયો.

મંત્રાલયના અધિકારીએ જણાવ્યું કે કોરોના મહામારી હોવા છતાં એપ્રિલથી ઓગસ્ટ વચ્ચે કુલ ૩૧ હજાર કરોડની ધનરાશિથી ૭૪૪ કિમી હાઈવે નિર્માણનું કામ સોંપવામાં આવ્યું. જે છેલ્લા ત્રણ વર્ષોમાં સૌથી વધુ છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર ગવર્નર કોન્ફરન્સ: આજે રાષ્ટ્રપતિ-વડાપ્રધાન સંબોધન કરશે

ન્યુ દિલ્હી,

શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ને લઈને પરિષદનું આયોજન



કર્યું છે. સોમવારે રાષ્ટ્રપતિ કોવિંદ અને વડાપ્રધાન મોદી તેના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કરશે. આ પરિષદનું શીર્ષક ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તનના સંદર્ભમાં નક્કી કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ગવર્નર્સ કોન્ફરન્સમાં તમામ રાજ્યોના શિક્ષણ પ્રધાનો, રાજ્યોની યુનિવર્સિટીઓના કુલપતિઓ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજરી આપશે.પરિષદને લગતા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની રચના ત્રણ દાયકાથી વધુ સમય પછી થઈ હતી. ૨૧ મી સદીની આ પહેલી શિક્ષણ નીતિ છે. છેલ્લી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જાહેરાત ૧૯૮૬માં કરવામાં આવી હતી.

## ફરી સ્કૂલ શરૂ કરવા રાહ જોવી પડશે: એમ્સ ચીફ ડો ગુલેરિયા

ન્યુ દિલ્હી,

કોરોનાકાળમાં સ્કૂલ ફરી ક્યારે શરૂ થશે તે અંગે દરેક વિધાર્થી અને વાલી મૂંઝવણમાં છે. એમ્સના ચીફ રણદીપ ગુલેરિયાએ શાળાઓ શરુ કરવા મુદ્દે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે ફરી સ્કૂલ શરૂ કરવા રાહ જોવી પડશે. દેશમાં કોરોનાના વધતા કેસના મામલે દેશની શાળાઓ અત્યારે ખોલી દેવાય એવું શક્ય લાગતું નથી.

ડો.ગુલેરિયામાં કહેવા પ્રમાણે દેશ અત્યારે સ્કૂલ શરૂ કરવાની સ્થિતીમાં નથી. વિશેષ ક્ષેત્રમાં કેસમાં ઘટાડા બાદ વિચારી શકાય પરંતુ અત્યારે શાળા રાબેતા મુજબ ચાલુ થઈ જાય તેમ શક્ય નથી. જે દેશે સ્કૂલ શરૂ કરી ત્યાની સ્થિતી અમે જોઈ છે અને તેવી સ્થિતિ હજી આપણા દેશમાં થઈ નથી તેવું ડો.ગુલેરિયાનું કહેવું છે.

## કોંગ્રેસમાં વધુ એક 'લેટર બોમ્બ' ફૂટ્યો, નેતાઓએ કહ્યું- પરિવારના મોહથી ઉપર ઉઠો

ન્યુ દિલ્હી/લખનઉ,

કોંગ્રેસમાં ચાલી રહેલું ઘમાણસ થોભવાનું નામ લેતું નથી. કારણ કે કોંગ્રેસ હવે વધુ એક 'લેટર બોમ્બ'ની સાથે પાર્ટીમાં થનાર ધડાકા માટે તૈયાર છે. આ વખતે આ ઉત્તરપ્રદેશથી છે. ગયા વર્ષે પાર્ટીમાંથી કાઢી મૂકેલા ૯ વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓએ કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષા સોનિયા ગાંધીને એક પત્ર મોકલ્યો છે જેમાં કહ્યું હતું કે તેઓ પાર્ટીને લગભગ 'ઈતિહાસ'નો હિસ્સો બનવાથી રહી જાય તેનાથી બચાવી લે. સાથો સાથે તેમણે પરિવારના મોહથી ઉપર ઉઠીને કામ કરવાની અપીલ કરી છે.



યુપીના ભૂતપૂર્વ સાંસદ સંતોષ સિંહ, પૂર્વ મંત્રી સત્યદેવ ત્રિપાઠી, પૂર્વ ધારાસભ્યો વિનોદ ચૌધરી, ભૂધર નારાયણ મિશ્રા, નેકચંદ પાંડે, સ્વયં પ્રકાશ ગોસ્વામી અને સંજીવ સિંહના સહીવાળા પત્રમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં પોતાના સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યું છે.

યુપીના પ્રભારી અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પર પરોક્ષ રીતે નિશાન બનાવતા ચાર પાનાના પત્રમાં સોનિયા ગાંધીને પરિવારથી ઉપર ઉઠાવવાનો આગ્રહ કર્યો છે. પત્રમાં લખ્યું છે કે 'પરિવારના મોહથી ઉપર ઉઠો' અને પાર્ટીની લોકશાહી પરંપરાઓને ફરીથી સ્થાપિત કરો.

પત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે એ વાતની આશંકા છે કે તમને રાજયની બાબતોના પ્રભારી તરફથી વર્તમાન પરિસ્થિતિ અંગે કહેવામાં આવી રહ્યું નથી. અમે લગભગ એક વર્ષથી તમને મળવા માટે એપોઈન્ટમેન્ટની માંગણી કરી રહ્યા છીએ, પરંતુ તેને નકારી કાઢવામાં આવે છે. અમને હાંકી કાઢવાની વિરુદ્ધ અપીલ કરી હતી જે ગેરકાયદેસર હતી પરંતુ કેન્દ્રીય અનુશાસન સમિતિ એ પણ અમારી અપીલ પર વિચાર કરવાનો સમય મળ્યો નથી. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ આગળ દાવો કર્યો હતો કે પક્ષના હોદ્દાઓ પર એવા લોકોનો કબ્જો છે જે પગારના આધાર પર કામ કરી રહ્યા છે અને પાર્ટીના પ્રાથમિક સભ્ય પણ નથી. પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ નેતાઓ પક્ષની વિચારધારાથી પરિચિત નથી, પરંતુ તેમને યુપીમાં પાર્ટીને દિશા આપવાનું કામ સોંપવામાં આવ્યું છે.

તેમાં આગળ કહેવામાં આવ્યું છે કે આ લોકો તે નેતાઓની કામગીરીનું મૂલ્યાંકન કરી રહ્યા છે જેઓ ૧૯૭૭-૮૦ની કટોકટી દરમ્યાન કોંગ્રેસની સાથે ચટ્ટાનની જેમ ઉભા હતા. લોકશાહીના માપદંડો તોડી પાડવામાં આવી રહ્યા છે અને વરિષ્ઠ નેતાઓને નિશાન બનાવામાં આવી રહ્યા છે, અપમાનિત કરવામાં આવી રહ્યા છે. વાસ્તવમાં અમને મીડિયા દ્વારા કાઢી મૂકયાની ખબર પડી હતી જે રાજ્ય એકમમાં નવી કાર્ય સંસ્કૃતિની વાત કરે છે. પત્રમાં આરોપ મૂકયો છે કે નેતાઓ અને પાર્ટીના કાર્યકર્તાઓની વચ્ચે સંવાદનો અભાવ છે.

## સ્વદેશી કોવેક્સિનને બીજા તબક્કાના પરીક્ષણની મંજૂરી, ૭ સપ્ટેમ્બરથી થશે શરૂ

ન્યુ દિલ્હી,

કોરોના વાઈરસને રોકવા માટે ભારત બાયોટેક દ્વારા વિકસિત કરવામાં આવી રહેલી સ્વદેશી કોવેક્સિનને ડ્રગ રેગુલેટરીએ ટ્રાયલના બીજા તબક્કાની મંજૂરી આપી દીધી છે. સૂત્રો અનુસાર બીજા તબક્કામાં પ્રવેશ માટે વેક્સિન સમગ્ર રીતે તૈયાર છે. બીજા તબક્કામાં કોવેક્સિનની ટ્રાયલ સોમવારે ૭ સપ્ટેમ્બરથી શરૂ થઈ શકે છે.

ભારત બાયોટેકની આ વેક્સિનને પહેલા તબક્કામાં દેશના કેટલાક જુદા-જુદા




ભાગોમાં ટેસ્ટ કરવામાં આવી ચૂકી છે. ડાયરેક્ટર જનરલ ઑફ હેલ્થ સર્વિસે પોતાના નિવેદનમાં કહ્યુ, હેલ્થ એક્સપટ્ર્સ વચ્ચે ૩ સપ્ટેમ્બરે ભારત બાયોટેકની વેક્સિનને લઈને વીડિયો કૉન્ફરન્સિંગ થઈ હતી, જેમાં વેક્સિનને ટ્રાયલના બીજા તબક્કામાં મોકલવા પર સંમતિ બની.

હવે ટ્રાયલના બીજા તબક્કામાં ૩૮૦ વૉલેન્ટિયર્સ પર વેક્સિનનો ટેસ્ટ કરવામાં આવશે. વેક્સિનનો ડોઝ આપ્યા બાદ આગામી ૪ દિવસ સુધી તમામ વોલેન્ટિયર્સની હેલ્થની સ્ક્રીનિંગ કરવામાં આવશે. હાલ ભારતની પહેલી સ્વદેશી કોરોના વેક્સિનને ટ્રાયલના બીજા તબક્કામાં મોકલવાની ઝડપથી તૈયારીઓ કરવામાં આવી રહી છે. ટ્રાયલના બીજા તબક્કાની શરૂઆત સાથે જ પહેલા તબક્કાની પ્રક્રિયા પણ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં અત્યાર સુધી ૪૧ લાખથી પણ વધારે લોકો કોરોનાની ચપેટમાં આવી ચૂક્યા છે.

અગાઉ વેક્સિન લેનારા વોલન્ટિયર્સના બ્લડ સેમ્પલ લઈને વેક્સિનની પ્રભાવશીલતા અને શરીરમાં એન્ટીબોડીના પ્રમાણની જાણ થઈ શકતી હતી. ભારત બાયોટેકની આ વેક્સિનની ટ્રાયલના પહેલા તબક્કામાં કોઈ સાઈડ-ઈફેક્ટ જોવા મળી નથી.

# ખુબ ખુબ શુભેચ્છા સહ અભિનંદન...



શ્રીમતી બ્રિન્દાબેન નિલાંજકુમાર શુક્લ
પ્રમુખશ્રી નગરપાલિકા, લુણાવાડા

લુણાવાડા નગર સેવા સદનની

ચૂંટણીમાં પ્રમુખ તરીકે

**શ્રીમતી બ્રિન્દાબેન નિલાંજકુમાર શુક્લ**

અને ઉપપ્રમુખ તરીકે

**શ્રીમતી મીનાબેન રાકેશકુમાર પંડ્યાને**

વિજય થવા બદલ

તેમજ તમામ સભ્યશ્રીઓને

## ખુબ ખુબ શુભેચ્છાઓ.



શ્રીમતી મીનાબેન રાકેશકુમાર પંડ્યા
ઉપપ્રમુખશ્રી નગરપાલિકા, લુણાવાડા



શ્રી ઇદરીસ ઇબ્રાહીમ સુરતી
પૂર્વ ઉપપ્રમુખશ્રી



શ્રી જયેન્દ્રસિંહ યશવંતસિંહ સોલંકી
પૂર્વ પ્રમુખશ્રી



શ્રી ફઝલુરરહેમાન હફીઝુરરહેમાન રશીદ શેખ



શ્રી જીજ્ઞેશકુમાર મોતીભાઇ પંડ્યા



શ્રી ફતેસિંહ ધુળાજી મકવાણા



શ્રી ગુલામ દસ્તગીર અબુસાબહેબીન અરબ



શ્રી વિનોદકુમાર કાળુભાઇ ભોઇ



શ્રી કૌશર એહમદ શબ્બીર ગુલાટી



શ્રીમતી ચેતનાબેન દિનેશકુમાર જોશી



શ્રીમતી પ્રેશાબેન કિંચિતકુમાર શાહ



શ્રીમતી સબિનાબાનુ મુદસ્સર પઠાણ



શ્રીમતી યાસ્મીનબીબી અદનાન મુસા



શ્રીમતી હીનાબેન મુકેશભાઇ ભોઇ



શ્રીમતિ રસિદાબીબી અખ્તર દાવલ



શ્રી મુળજીભાઇ ચીમનલાલ રાણા



શ્રી કેતનકુમાર ફુલાભાઇ ડોડીયાર



શ્રી મહેશકુમાર ફકીરચંદ રાણા



શ્રી ચિંતન મનુભાઇ પટેલ



શ્રી ડો. કીર્તિકુમાર રમણલાલ પટેલ



શ્રી તેજપાલસિંહ સુરપાલસિંહ સોલંકી



શ્રીમતી પ્રાચીબેન હેમાંગકુમાર ત્રિવેદી



શ્રીમતી ભાવનાબેન જયદીપ મહેતા



શ્રીમતી પ્રીતિબેન ઉમેશકુમાર સોની



શ્રીમતી ગીતાબેન કમલેશકુમાર ડબગર



શ્રીમતી જયશ્રીબેન નરેન્દ્રકુમાર ડાભી



શ્રીમતિ આબેદાબીબી અબ્દુલ્લા શેખ

## નગરપાલિકાના તમામ કર્મચારી તથા સભ્યોને ખુબ ખુબ શુભેચ્છાઓ

## અંકલેશ્વરમાં ઝડપાયેલ

# એમડી ડ્રગ્સના વપરાશનું શંકાસ્પદ રો મટીરયલ સાથે ગોધરાનું કનેકશન

- અર્શ ટ્રેડર્સના ખોટા નામથી ગોધરાની કાલુ એન્ટરપ્રાઈઝમાંથી કેમિકલ મંગવવામાં આવ્યું હતું.
- આ કેમિકલ અર્શ ટ્રેડર્સ ખોટા બિલ સહિતના દસ્તાવેજો મારફતે મંગાવાયું હતું.
- ભરૂચ SOG પોલીસે રૂા.૧,૭૪,૬૦૦નો જથ્થો જપ્ત કર્યો હતો.
- કાલુ એન્ટરપ્રાઈઝ તથા આ ગુનામાં સંડોવાયેલા સામે ફરિયાદ નોંધાવા GIDC પોલીસે વધુ તપાસ શરૂ કરી.
- યુવાધનને ડ્રગની ચુંગાલમાં હોમાતા આર્થિક અને શારીરિક પાયમાલ.
- પલસ્પર્શી તપાસ થાય તો અનેક માથાઓના પર્દાફાશ થાય.

ગોધરા,

અંકલેશ્વરની જામનગર ટ્રાન્સપોર્ટ કંપનીમાં ગોધરાના કાલુ એન્ટપ્રાઈઝ માંથી એમડી ડ્રગ બનાવવામાં વપરાતા શંકાસ્પદ રો મટીરીયલનો જથ્થો ભરૂચ એસ.ઓ.જી. પોલીસે ઝડપી લીધો હતો. આ કેમિકલ અર્શ ટ્રેડર્સ ખોટા બિલ સહિતના દસ્તાવેજો મારફતે મંગાવ્યું હતું. પોલીસ કુલ રૂા.૧,૭૪,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાલુ એન્ટરપ્રાઈઝ તેમજ આ ગુનામાં સંડોવાયેલા તમામ સામે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યાનુસાર ભરૂચ એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે અંકલેશ્વર જીઆઈડીસીના જામનગર ટ્રાન્સપોર્ટમાં તપાસ હાથ ધરી હતી. જેમાં કાલુ એન્ટરપ્રાઈઝ (૨૪, મદીના સોસાયટી, ગોધરા, પંચમહાલ) માંથી એમડી ડ્રગ બનાવવા વપરાતા શંકાસ્પદ રો મટીરીયલનો જથ્થો મળી આવ્યો હતો. જે અંગે પોલીસે ઊંડી તપાસ કરવા આ કેમિકલનો જથ્થો અર્શ ટ્રેડર્સ (અંકલેશ્વર) મંગાવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે કાલુ એન્ટરપ્રાઈઝના જીએસટી સહિતના ડોકયુમેન્ટની તપાસ કરતા તેનો જીએસટી નંબર જુલાઈ માસમાં કેન્સલ થઈ ગયો હોવાનું માલુમ પડયું હતું. જ્યારે કેમિકલનો જથ્થો મંગાવનાર અર્શ ટ્રેડર નામની કોઈજ કંપની અંકલેશ્વરમાં નહી હોવાનું તેમજ તેના બિલમાં દર્શાવવામાં આવેલ જીએસટી નંબર સહિતની માહિતી ખોટી હોવાની હકીકત બહાર આવી હતી. હાલ પોલીસે પ્લાસ્ટીકના અને લોખંડના મળીને ૨૧ ડ્રગ રૂા.૧,૭૪,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને કાલુ એન્ટરપ્રાઈઝ તેમજ આ ગુનામાં સંડોવાયેલા તમામ સામે ફરિયાદ નોંધાવા જીઆઈડીસી પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. અત્રે નોંધનીય છે કે ડ્રગ્સ જેવો નશીલી પદાર્થ ગણાય છે. આ ડ્રગ મારફતે જીવલેણ દ્રવ્ય બનાવટમાં ઉપયોગ લેવાય છે. તેના આધારે એક નાર્કોટીકસ પદાર્થના સ્વરૂપ બનાવાય છે. આ ડ્રગનો ઉપયોગ ઘણા સમયથી આ વિસ્તારમાં થઈ રહ્યો છે. ખાસને યુવાનો પણ આવી નશીલા પદાર્થના ચુંગાલમાં સપડાઈને બંધાણી બની રહ્યા છે. નિત નવા નવા યુવા ગ્રાહકો વિસ્તારમાં કુદકેને ભૂસકે વધી રહ્યા છે. અને સખ્ત સેવનના કારણે આર્થિક તથા શારીરિક રીતે માયપાલ બની ગયા છે. જો આ વિસ્તારમાં આ ડ્રગનું વેચાણ બંધ નહીં થાય તો આગામી સમયમાં ઘણાને નુકશાનપ્રદ બનવાની ભીતિ છે. અંકલેશ્વરમાં એમડી ડ્રગ બનાવવા વપરાતું શંકાસ્પદ રો મટીરીયલનું કનેકશન ગોધરા સાથે હોવાનું ખુલ્લું છે. જોકે ગોધરામાં પણ આ પ્રકારનું શંકાસ્પદ રો મટીરીયલ બનતું હોવાનું કહેવાય છે. ત્યારે કેટલાક સમયથી ખરેખર કાયદેસર હતું કે, કેમ તેની તપાસ માંગી લેતો વિષય છે. હાલમાં અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગુન્હો નોંધ્યો છે. ત્યારે સંપૂર્ણ કેસમાં સંડોવાયેલાઓનો પર્દાફાશ થાય તે જરૂરી છે. જો આ વિસ્તારમાં એમડી ડ્રગનો બનાવટ બાદ વેચાણ થતું હોય તો પણ આ રેકેટમાં સામેલ વેપારી લોબી તથા ફોલ્ડરીયાઓને પણ ઉઘાડો પાડવામાં આવે તો જ આ કેસને ન્યાય મળે તેમ લાગી રહ્યું છે. એટલું જ નહિ ગોધરાના પણ સંડોવાયેલાના માંથાઓને ખુલ્લા પાડવામાં આવે તો ચેઈનનો પર્દાફાશ થાય તે જરૂરી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૩૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૧૬૭૫ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૩૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૩૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૧૬૭૫ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૩૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૯, હાલોલ-૧૨, શહેરા-૦૨, કાલોલ-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૯ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૩૪૦.
- મૃત્યુ આંક - ૭૫.

### પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા-૧૯, હાલોલ-૧૨, શહેરા-૦૨, કાલોલ-૦૧.

**-: ગોધરા :-**

જેંતીલાલ મહાજન-૬૫ વર્ષીય પુરૂષ-સોનીવાડ, કસ્તુરભાઈ નાગરદાસ મિસ્ત્રી-૬૮ વર્ષીય પુરૂષ-ભુરાવાવ, સુશીલા પર્વતસિંહ રાહુલજી-૫૭ વર્ષીય મહિલા-ટીંબા રોડ, મંજુ મીઠાભાઈ મારવાડી-૩૫ વર્ષીય મહિલા-ટીંબારોડ, રાજેશબાબુ સોલંકી-૨૧ વર્ષીય પુરૂષ-ખાડી ફળીયા, મીલીન્દ પી.શાહ-૨૮ વર્ષીય પુરૂષ-મહાવીર નગર, વિદ્યાકુમાર-૩૮ વર્ષીય મહિલા-રેલ્વે કોલોની, આનંદકુમાર-૪૨ વર્ષીય પુરૂષ-રેલ્વે કોલોની, વૈશાલી કિરણ શેલકે-૩૪ વર્ષીય મહિલા-યોગેશ્વર સોસાયટી, કૈલાશભાઈ કાછીઆ-૪૮ વર્ષીય પુરૂષ-લાલબાગ ટેકરી, સુશીલા કૈલાશ સોની-૪૮ વર્ષીય મહિલા-સદાશીવ સોસાયટી, રશ્મીબેન બી. પરીખ-૩૦ વર્ષીય મહિલા-કાજીવાડ, રમેશચંદ્ર મનાભાઈ-૬૪ વર્ષીય પુરૂષ-દડી કોલોની, કૃષ્ણકાંત એસ.શેઠ-૮૫ વર્ષીય પુરૂષ-માર્કેટીંગયાર્ડ,પલ્લવી બી.શાહ-૬૦ વર્ષીય મહિલા-માર્કેટીંગયાર્ડ, ફેતચંદ રાજાઈ-૫૨ વર્ષીય પુરૂષ-બહારપુરા, સુશીલ એન.પટેલ-૩૮ વર્ષીય પુરૂષ-ભુરાવાવ, જયાબેન આર.પટેલ-૪૫ વર્ષીય મહિલા-રામનગર, પ્રિયાબેન ડી.રાનગેકર-૬૭ વર્ષીય મહિલા-દડી કોલોની.

**-: હાલોલ :-**

અમીત ગોવિંદભાઈ રાણા-૪૨ વર્ષીય પુરૂષ-મહારાજ સોસાયટી, હસમુખ મંગલ પટેલ-૭૩ વર્ષીય પુરૂષ-આર્શીવાદ નગર, મધુ મનીલાલ ચૌહાણ-૪૨ વર્ષીય મહિલા-મનુસ્મૃતિ, જસવંતભાઈ સામંતભાઈ પરમાર-૩૮ વર્ષીય પુરૂષ-જુની કાકરા ડુંગરી બારીયા ફળીયુ કઠોલા, દિલીપ અમીરચંદ શેઠ-૬૫ વર્ષીય પુરૂષ-કંજરી રોડ, ધર્મીષ્ઠા ભુપત બારીઆ-૩૦ વર્ષીય મહિલા-નંદ હોસ્પિટલ, ઉમેશ ભરત પટેલ-૩૧ વર્ષીય પુરૂષ- સ્ટેશન રોડ, પ્રવિણસિંહ બારીઆ-૬૪ વર્ષીય પુરૂષ-રણછોડ નગર.

**-: કાલોલ :-**

-અંકુરભાઈ સામંતભાઈ પરમાર-૩૮ વર્ષીય પુરૂષ- મંદિર ફળીયા, ડેરોલ ગામ.

**-: શહેરા :-**

બ્રીજેશભાઈ ઉપેન્દ્રભાઈ પાઠક-૪૪ વર્ષીય પુરૂષ-શુકલ ખડકી ફળીયું, અરવિંદભાઈ બ્રિજલભાઈ પટેલ-૪૭ વર્ષીય પુરૂષ-નિશાળ ફળીયું, સાજીવાવ.

## ગોધરાના શહેરા ભાગોળથી પીમ્પુટર ચોક સુધીનો બે વર્ષ બાદ પણ મંજૂર રસ્તો બનતો નથી

ગોધરા,

અનેક મુશ્કેલી સર્જાના બે વર્ષથી મંજૂર થયેલ પણ અધુરુ કામ ગણાતા ગોધરા શહેરના શહેરા ભાગોળ થી પીમ્પુટકર ચોક સ્વામીનારાયણ મંદિર સુધીના રસ્તા તથા ગટર લાઈનનું કામ પૂર્ણ કરવા નગરપાલિકાના મુખ્રય અધિકારીને રજુઆત કરી ચોમાસમાં સુવિધાની માંગ કરાઈ છે.

ગોધરા નગર પાલિકામાં કરાયેલી રજુઆતમાં જણાવ્યું હતું કે, ગોધરા શહેરના હાર્દ સમાન શહેરા ભાગોળ થી પીમ્પયુટર ચોક સ્વામિનારાયણ મંદીર સુધીના મંજુર થયેલ રસ્તા અને ગટરલાઈન નું ક્મ આજ દિન સુધી પુર્ણ થયેલ નથી.

આ કામે જીલ્લા સંકલનમાં રજુઆત થયેલ હતી . અને નગર પાલિકા ગોધરાએ લેખિત આપેલ છે. જેને બે વર્ષનો સમય થયેલ છે. છતાં આ વિકાસલક્ષી રસ્તાના કામ શરૂ થયેલ નથી અને ત્યારબાદ કલેકટર, પંચમહાલ સાંસદ પંચમહાલ, શારક પક્ષના હોદેદારો, ભારતીય જનતા પાર્ટીના સંગઠનના હોદેદાર , પક્ષના કાઉન્સીલરો , વોર્ડના કાઉન્સીલરોને લેખિત અને મૌખિક રજુઆત કરેલ છે . પરંતુ આજ દિન સુધી આ રસ્તો બનાવવાની કાર્યવાહી કરવામાં આવેલી નથી . આપની કક્ષાએથી સંબધિતને સુચના થઈ સત્વરે લાંબા સમયથી મંજુર થયેલ રતાના કામ આગામી સ્થાનિક સ્વરાજય ની ચુંટણી (નગર પાલિકા ગોધરા) ની આચાર સંહિતા પહેલા પુર્ણ કરાવવા ખુબજ જરૂરી છે .



- ચોમાસામાં પાણી ભરાઈ રહે છે.
- ઉબડ ખાબડ રસ્તાથી મુશ્કેલી.

આ સત્વરે કામ શરૂ કરવામાં નહિ આવે તો ચૂંટણી જાહેર થઈ ગયેલ છે. જેથી આ કામ નહિ શરૂ થાય તેવા પ્રત્યુતર નગર પાલિકા દવારા આપવામાં આવશે.

આ રસ્તો ગોધરા શહેરનું હાર્દ હોઈ રસ્તાની બિસ્માર હાલતથી નગરજનોમાં છૂપો અસંતોષ જોવાઈ રહેલ છે.ગોધરા શહેરીજનોમાં દુઃખ સાથે રોષની લાગણી પ્રર્વતીત થઈ રહેલ છે. જે યોગ્ય નથી.

૮ માસ પહેલા આપની રૂબરૂ મુલાકાત સમયે સ્થાનિક રહીશો અને વેપારીઓને આ રસ્તાના કામ પુર્ણ કરવા જણાવેલ હતું . અને ત્યારબાદ ત્રણ માસ પછી વિભાગના ઈજનેર ડામોર દ્વારા પણ રૂબરૂઅ મુલાકાત કરતા તેઓએ પણ આપની સમક્ષ આ કામનો ટેન્ડરીંગ થયેલ છે. તેવો પ્રત્યુતર આપેલ હતો . અને એક માસ પહેલા ગોધરા નગરજનોની રજુઆતને આપશ્રી સમક્ષ મુકનાર પ્રભાતસિંહજી ચૌહાણ (માજી સાંસદ, પંચમહાલ) ને પણ આપે ટેલીફોનિક ખાત્રી આપેલ હતી . અને આ રસ્તાનું કામ વરસાદ બંધ થયેથી બીજા દિવસે શરૂ કરી દેવામાં આવશે.

આ રસ્તો ગોધરા શહેરના તમામ મુખ્ય માર્ગને જોડતો રસ્તો છે. અને આ રસ્તા પર પ્રાથમિક શાળા, સુપ્રસિદ્ધ સ્વામી નારાયણ મંદીર અને પૌરાણિક મસ્જિદ આવેલ છે . અને સતત શહેરીજનોથી ધમધમતુ રોડ છે . અને ગોધરા શહેરના તમામ મોટા તહેવારોની ઉજવણી પણ અહીંજ થાય છે.

સદર રસ્તાની ચાલુ ગટર લાઈનની કામગીરી પણ આ મંજુર થયેલ રસ્તો શરૂ નહી કરવાથી અધુરી પડી રહેલ છે. અધુરા રસ્તાને લીધે લોકોને આવતા જતા મુશ્કેલી વેઠવી પડી રહી છે. બે વર્ષ ઉપરાંતથી રસ્તો બાકી હોવાથી ચોમાસામાં પણ પાણી ભરાઈ રહે છે. જેથી વધુ સમસ્યા ઊભી થઈ છે.

## શહેરા ઉંડારા ગામ તરફ માર્ગ ઉપર ટેમ્પામાં ૪.૦૯ લાખનો ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે ચાલકને ઝડપ્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના ઉંડારા ગામ તરફ જવાના માર્ગ ઉપરથી પોલીસે બાતમીના આધારે ૪૦૭ ટેમ્પા માંથી વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. પોલીસે ચાર લાખ રૂપિયાનો વિદેશી દારૂ અને બિયર ના જથ્થા સાથે ટેમ્પો મળીને કુલ રૂપિયા ૭,૫૪,૨૦૦ ના મુદ્દામાલ સાથે ડ્રાઈવરને ઝડપી પાડયો હતો.

શહેરા તાલુકાના વિસ્તારમાં છૂપી રીતે બુટલેગરો વાહનોમાં દારૂ ની હેરાફેરી કરતા હોવાની માહિતી પોલીસ ને મળી હતી. જેને લઈને જિલ્લાની એલ સી બી પોલીસે ખાનગી માહિતીના આધારે તાલુકાના ઉંડારા તરફ જવાના માર્ગ ઉપર વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીના વર્ણન વાળો ૪૦૭ ટેમ્પો નંબર જીજે.૦૯ વી ૧૫૨૦ ગેલ્વેનાઈઝ પીપળાઓ ભરીને આવતો હતો. તેને ઊભા રખાવીને પોલીસે ડાલા માં તપાસ કરતા શરૂઆતમાં પોલીસને દારૂ ભરેલ નહી હોવાનું લાગ્યુ હતુ. જ્યારે ગેલ્વેનાઈઝ ના અમુક પીપળામાં બીયર અને દારૂનો જથ્થો તપાસ કરતા મળી આવતા પોલીસ પણ બે ઘડી ચોંકી ઉઠી હતી. એલ. સી. બી પોલીસ એ પકડી પાડેલ દારૂ અને બિયર ના જથ્થાને પોલીસ મથક ખાતે લાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે પકડી પાડેલ ટેમ્પાચાલક પૂછપરછ કરતા તેને પોતાનુ નામ દીપક તાજસિંગ ભાઈ ચારેલ રહે. ભગત ફળિયુ સંજેલી જિલ્લો દાહોદ ના હોવા સાથે દારૂ અને બિયરનો જથ્થો ઉપેન્દ્ર ભાઈ કાળુભાઈ ભેદી રહે. ચાચકપુર તાલુકો. સિંગવડ જિલ્લો. દાહોદ ના એ ભરીને આપ્યો હતો.અને ગોધરા ના ટુવા ફાટક પાસે પહોચાડવાનો હોવાનું જણાવ્યુ હતુ. કોરોના ના કહેર વચ્ચે એલ.સી.બી પોલીસે ટેમ્પા માંથી રૂપિયા ૪,૦૯,૨૦૦ નો દારૂ અને બિયરનો જથ્થો સાથે રૂપિયા ૩ લાખ નો ટેમ્પો તેમજ મોબાઈલ અને ગેલ્વેનાઈઝના પીપળા મળીને કુલ રૂપિયા ૭,૫૪,૨૦૦ ના મુદ્દામાલ સાથે ડ્રાઈવરની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પંચમહાલ જિલ્લામાં વધુ ૧૬ વિસ્તારો કલસ્ટરમુક્ત જાહેર કરાયા

ગોધરા,

પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એલ.બી બાંભણિયા દ્વારા ધ ગુજરાત એપિડેમિક ડિસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ની કલમ-૧૧ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ-૩૦ અને ૩૪ હેઠળ મળેલા અધિકારની રૂએ જિલ્લાના કલસ્ટર કન્ટેઈન્મેન્ટ એરિયા તરીકે જાહેર કરેલ વિસ્તારો પૈકી વધુ કેટલાક વિસ્તારોને કલસ્ટરમુક્ત જાહેર કરતો હુકમ કરવામાં આવ્યો છે. મુક્ત કરાયેલ વિસ્તારોમાં કાલોલ નગરપાલિકામાં સમાવિષ્ટ પૂજી ફળિયા, સાંઈદર્શન એપાર્ટમેન્ટ, વૃંદાવન નગર સોસાયટી, કાલોલ તાલુકાના દેલોલ ગામમાં સમાવિષ્ટ વણઝારા ફળિયા, ગોધરા નગરપાલિકામાં સમાવિષ્ટ સેશન્સ કોર્ટ સામે આવેલી મન્સૂરી સોસાયટી, બામરોલી રોડ પર આવેલ કૃષ્ણા નગર, મધુવન ટેનામેન્ટ, ગોધરા તાલુકાના ખાંટના મુવાડા ગામ, હાલોલ તાલુકાના કણજરી ગામમાં સમાવિષ્ટ સ્વામીનારાયણ મંદિર ફળિયા, ભમ્મરીયા ગામમાં સમાવિષ્ટ ચાંપાનેર હેરીટેજ ફળિયા, હાલોલ નગરપાલિકામાં સમાવિષ્ટ વી.એમ.નગરનો વિસ્તાર, ગોકુલનગર, અયોધ્યાનગર-૦૨, હરિનગર, શ્રદ્ધા રેસીડેન્સી, રાવજી રેન્સીડેન્સીનો રિદ્ધી એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે.

## ઘોઘંબા તાલુકાના વાંગરવા ગામે ખેતરમાં વાવેલ ૧.૮૨ લાખના ગાંજાના છોડ સાથે ખેડુતની ધરપકડ કરાઈ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના વાંગરવા ગામે ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર કરવામાં આવ્યું છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ખેતરમાંથી ૧,૮૨,૫૧૦/-રૂપીયાનો ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આ બાબતે એનડીપીએસ એકટ હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના વાંગરવા ગામે રહેતા ભચલાભાઈ બલુભાઈ મતીયાના કબ્જાવાળા ખેતરમાં કરેલ અન્ય પાકના વાવેતર સાથે ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું છે. તેવી બાતમી ગોધરા એસ.ઓ.જી. પોલીસને મળી હતી. જેના આધારે એસ.ઓ.જી. પોલીસે ભચલાભાઈ મતિયાના ખેતરમાં રેડ કરી હતી. રેડ દરમ્યાન ખેતરમાંથી ૧૮.૨૫૧ કિલો ગ્રામ ગાંજો કિંમત ૧,૮૨,૫૧૦/-રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. ખેતરમાંથી ગાંજાના છોડનું વાવેતર પકડાતા ખેતર માલિક ભચલાભાઈ મતિયાની ધરપકડ કરવામાં આવી હતી. આ બાબતે દામાવાવ પોલીસ મથકે એનડીપીએસ એકટ મુજબ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરાના પેશન્ટ સામે ફરિયાદ ઉઠતા ડોકટરોની ટીમ વોર્ડમાં પહોચી

### ગોત્રી હોસ્પિટલના કોરોના વોર્ડમાં પેશન્ટે ડોકટર પર મોબાઈલનો છુટ્ટો ઘા કર્યો

વડોદરા,

ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલમાં છેલ્લા દસેક દિવસથી કોરોના ની સારવાર લઈ રહેલા ગોધરાના એક ન્યુઝ ચેનલના પત્રકારે નજીવી બાબતે ઉશ્કેરાઈને એક ડોક્ટર ઉપર મોબાઈલનો છુટ્ટો ઘા કરતા ઉત્તેજના વ્યાપી ગઈ હતી. મોડી સાંજે ડોક્ટરોની ટીમ કોરોના વોર્ડમાં પહોંચી હતી. અને પત્રકાર સાથે વાતચીત કરી હતી. જોકે, પત્રકારે પોતાની ભુલને સ્વીકારીને ડોક્ટરની માફી માંગી લેતા મામલો થાળે પડ્યો હતો.

ગોધરામાં રહેતો અને ખાનગી ન્યુઝ ચેનલમાં પત્રકારની ફરજ બજાવતો શાર્દુલ ગજ્જર નામનો યુવકે છેલ્લા ૧૦ દિવસથી કોરોનાની સારવાર માટે વડોદરાની ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલમાં દાખલ છે. હાલમાં શાર્દુલની તબિયત સ્ટેબલ છે પણ તેને ઓક્સિજન પર રાખવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી શાર્દુલ તેની આસપાસના બેડ પર દાખલ કરાયેલા પેશન્ટો સાથે મસ્તી કરતો હતો. કોરોના વોર્ડમાં ફરજ બજાવતા એક ડોક્ટરે આજે તેને બીજા પેશન્ટો સાથે મસ્તી કરવાની ના પાડી હતી. જેમાં શાર્દુલ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે પોતાના મોબાઈલનો છુટ્ટો ઘા ડોક્ટર ઉપર કર્યો હતો.

આ હુમલાથી ડોક્ટર હેબતાઈ ગયા હતા અને તેમણે વોર્ડની બહાર નીકળીને હોસ્પિટલના નોડલ ઓફિસરને ફરિયાદ કરી હતી. મોડીસાંજે ડોક્ટરોની એક ટીમ કોરોના વોર્ડમાં પહોંચી હતી અને તેમણે ઘટનાની હકીકત જાણવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જે દરમિયાન શાર્દુલે ડોક્ટરોને જણાવ્યુ હતું કે, છેલ્લા ૧૦ દિવસથી કોરોનાની ટ્રિટમેન્ટથી તે કંટાળી ગયો હતો. તેને રજા જોઈતી હતી એટલે તેણે ડોક્ટર સાથે માથાકૂટ કરી હતી . જોકે, – શાર્દુલે ડોક્ટરોની માફી માંગી લેતા મામલો થાળે પડ્યો હતો.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 14